# ડાંડિયારાસ

ડાંડિયારાસ સૌરાષ્ટ્રનું તેમજ દીવના વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓનું એક આગવું અને અનોખું નૃત્ય છે. ડાંડિયારાસમાં શૌર્ય અને સૌંદર્યનું અદ્ભુત સાયુજ્ય સધાયું છે. દિવાસો, વીરપસલી નિમિત્તે (શ્રાવણ માસના બીજા રવિવારે), કાજળી ત્રીજ વગેરે પ્રસંગોમાં વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ હાથમાં રંગીન ફૂમતાંવાળા લાકડાના ડાંડિયા લઈને તોતળા દેવી મંદિરના ચોકમાં ડાંડિયારાસ રમે છે.

શરદપૂનમ, નોરતાં, સાતમ-આઠમના પ્રસંગે પણ વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ ત્રણ તાળી, હીંચ વગેરે તાલમાં ડાંડિયારાસે રમે છે.

## દિવાસો

દિવાસો એટલે કે અષાઢની અમાસ. આવનારા ઉત્સવોનો અને ખુશનુમા મહોલનો આ છડીદાર દિવસ કહેવાય છે. આપણા કૃષિપ્રધાન દેશમાં દિવાસાનું વિશેષ મહત્ત્વ છે. વરસાદ થવાથી ખેતરોમાં લીલો મોલ લહેરાઈ ઊઠ્યો હોય છે. અને ધરતીમાતાએ સર્વત્ર હરિયાળીનો શૃંગાર સજ્યો હોય છે. ખેતરોમાં ઊભો પાક લહેરાતો જોઈ આર્થિક સંપન્નતાની આશા સેવતા ખેડૂતો અને અન્ય પ્રજા પણ ઉત્સાહમાં હોય છે, તેથી દિવાસાને દિવસે વિશેષ ઉજવણી થતી હોય છે.

દિવાસાને દિવસે ખેડૂતો ગાય, બળદ જેવાં પશુઓનું અચૂક પૂજન કરે છે. આ દિવસે ખેડૂતો પોતાના હળની પૂજા કરે છે અને સ્ત્રીઓ પહેલેથી વાવેલા જ્વારાનું પૂજન કરે છે અને સાથે સાથે ઘરમાં મિષ્ટાન્ન બનાવે છે. આ મિષ્ટાન્ન દરેક જગ્યાએ અલગ અલગ હોય છે. ક્યાંક ખાસ ખીર બનાવાવમાં આવે છે તો ક્યાંક માલપૂઆ બનાવવામાં આવે છે, ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં માલપૂઆ બનાવવાની પ્રથા છે.

દિવાસાના દિવસ સાથે એવરત-જીવરતનું વ્રત પણ સંકળાયેલું છે. અષાઢ વદ તેરસથી શરૂ થતું આ વ્રત અષાઢી અમાસ એટલે કે દિવાસાના દિવસે પૂર્ણ થાય છે. વ્રતકર્તા મીઠા વિનાનું ભોજન લઈ એકટાણું કરે છે. પરણેલી સ્ત્રીઓ પોતાના અખંડ સૌભાગ્ય માટે તથા પુત્ર, ધન આદિની પ્રાપ્તિ માટે આ વ્રત કરે છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ આ દિવસે જ્વારાની પૂજા કરીને તેની પાસે અખંડ દીવો પ્રગટાવે છે, એટલા માટે પણ આ દિવસને દિવાસો કહેવાય છે.

રાત્રે ગામ આખું ભેગું થાય છે. દીવાના અજવાળે ફટાણા ગવાય છે અને ઢોલ ઢબૂકે છે. દિવાસો ઊજવવા આવેલી દીકરી કુટુંબીઓને કોપરું, ગોળ તેમજ ચણાનો પ્રસાદ આપે છે. આખી રાત જાગરણ થાય છે અને ફટાણા ગવાય કે...

કાળીયુ ખેતર સડીયુ (સાફ કર્યુ) રે,

વાડી ઝુડીને સાફ કર્યુ રે

વાવી જુવાર ને ઊગ્યો બાજરો રે.

વાંઝા અને દરજી જ્ઞાતિની મહિલાઓ આ વ્રત છોકરાંના દીર્ઘાયુષ્ય માટે કરે છે. વ્રતકર્તાઓ રાતના જાગરણ કરી માતાજીના ગરબા ગાય છે અને માતાજી સમક્ષ અખંડ દીવો પ્રગટાવી રાખે છે.

દિવાસાના પ્રસંગે વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ તોતળા દેવી મંદિરના ચોકમાં ત્રણ તાળી, હીંચ વગેરે તાલમાં ડાંડિયારાસ રમે છે.



આ તસવીરમાં દિવાસાને દિવસે તોતળા દેવી મંદિરના ચોકમાં ડાંડિયારાસની રમઝટમાં સહભાગી થવા જ્ઞાતિની મહિલાઓ આતુર જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.



આ તસવીરમાં દિવાસાને દિવસે વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ તોતળા દેવી મંદિરના ચોકમાં ડાંડિયારાસની રમઝટ વેળા સંગીતની તૈયારી કરતાં જાવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.



આ તસવીરમાં દિવાસાને દિવસે વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ તોતળા દેવી મંદિરના ચોકમાં ત્રણ તાળી, હીંચ વગેરે તાલમાં ડાંડિયારાસ રમતાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.



આ તસવીરમાં દિવાસાને દિવસે વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ તોતળા દેવી મંદિરના પ્રાંગણમાં ડાંડિયારાસ માટે તૈયારી કરતા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.

## રક્ષાબંધન

આપણા સમાજમાં શ્રાવણી સુદ પૂર્ણિમાના દિવસે બધી જ બહેનો પોતાના ભાઈના કાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઇચ્છે છે.

રક્ષાબંધનનો પર્વ એટલે દૃષ્ટિ પરિવર્તનનો પર્વ, ભાઈ-બહેનના વિશુદ્ધ પ્રેમનું અસ્ખલિત વહેતું ઝરણું. બહેનની રાખડી હાથ પર બંધાવતાની સાથે જ ભાઈની દૃષ્ટિમાં આમૂલાગ્ર પરિવર્તન આવી જાય ! બહેનના રક્ષણની જવાબદારી ભાઈ સસ્મિત સ્વીકારે છે, જેથી બહેન સમાજમાં નિર્ભયપણે ફરી શકે.

બહેન જ્યારે ભાઈને રાખડી બાંધે છે ત્યારે તેના ભાલ પર ચાંદલો કરે છે. સર્વ સામાન્ય લાગતી આ પ્રણાલિકામાં દૃષ્ટિ પરિવર્તનની મહાન પ્રક્રિયાનો સમાવેશ થાય છે. સામાન્ય દૃષ્ટિથી આખા વિશ્વને નિહાળી રહેલા બે નેત્રો ઉપરાંત, ભોગને ભૂલીને ભાવ દૃષ્ટિથી વિશ્વને નિહાળવા માટે જાણે કે એક ત્રીજું પવિત્ર નેત્ર

અર્પણ કરીને બહેને પોતાના ભાઈને ત્રિલોચન બનાવ્યો છે. આવો શુભ સંકેત આ ક્રિયામાં દૃષ્ટિગોચર થાય છે.

આ પ્રસંગે પણ વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ તોતળા દેવી મંદિરના ચોકમાં ત્રણ તાળી, હીંચ, વગેરે તાલમાં ડાંડિયારાસ રમે છે.



આ તસવીરમાં તોતળા દેવી માતાના દર્શન થાય છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.



આ તસવીરમાં વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ વીરપસલી નિમિત્તે યોજાયેલ ડાંડિયારાસની શરૂઆત પહેલા તેની તૈયારી માટે આતુર બેઠેલા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.



આ તસવીરમાં વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ અને મહિલાઓ તોતળા દેવી મંદિરના પ્રાંગણમાં વીરપસલી નિમિત્તે યોજાયેલ ડાંડિયારાસ રમતાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ



આ તસવીરમાં વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ અને મહિલાઓ તોતળા દેવી મંદિરના પ્રાંગણમાં વીરપસલી નિમિત્તે યોજાયેલ ડાંડિયારાસ રમતાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.



આ તસવીરમાં આપણા જ્ઞાતિબંધુઓ તોતળા દેવી મંદિરના પ્રાંગણમાં ડાંડિયારાસ પહેલા ઝાંઝ અને ઢોલની થાપે ઓચ્છવ કરતા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.



આ તસવીરમાં આપણા જ્ઞાતિબંધુઓ તોતળા દેવી મંદિરના પ્રાંગણમાં ડાંડિયારાસ પહેલા ઝાંઝ અને ઢોલની થાપે ઓચ્છવ કરતા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.



આ તસવીરમાં આપણા જ્ઞાતિબંધુઓ તોતળા દેવી મંદિરના ચોકમાં ડાંડિયારાસ માટે સંગીતની તૈયારી કરતા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.



આ તસવીરમાં મહિલાઓ તોતળા દેવી મંદિરના પ્રાંગણમાં વીરપસલી નિમિત્તે યોજાયેલ ડાંડિયારાસ માટે આતુર બેઠેલા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.



આ તસવીરમાં વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ અને મહિલાઓ તોતળા દેવી મંદિરના પ્રાંગણમાં વીરપસલી નિમિત્તે યોજાયેલ ડાંડિયારાસ રમતાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.

## કાજળી ત્રીજ

આ વ્રત શ્રાવણ વદ ત્રીજને દિવસે થાય છે. વ્રત કરનાર સ્ત્રીએ સ્નાન કરીને મહાદેવજીનું સ્મરણ કરી એક હજાર અણિશુધ્ધ ચોખા જુદા કાઢી રાખી, નકોરડો ઉપવાસ કરી સાંજે ગાયનું પૂજન કર્યા પછી તે હજાર ચોખા રાંધીને ખાવાનું હોય છે. આ પ્રસંગે વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ તોતળા દેવી મંદિરના ચોકમાં ત્રણ તાળી, હીંચ વગેરે તાલમાં ડાંડિયારાસ રમે છે.



કાજળી ત્રીજના દિવસે તોતળા દેવી મંદિરના ચોકમાં ડાંડિયારાસની રમઝટમાં સહભાગી થવા જ્ઞાતિની મહિલાઓ આતુર જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમતી વીપ્તી વસંતકુમાર.



આ તસવીરમાં કાજળી ત્રીજના દિવસે તોતળા દેવી મંદિરના ચોકમાં ડાંડિયારાસની રમઝટમાં સહભાગી થવા જ્ઞાતિબંધુઓ આતુર જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમતી વીપ્તી વસંતકુમાર.



આ તસવીરમાં કાજળી ત્રીજના દિવસે વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ અને મહિલાઓ તોતળા દેવી મંદિરના પ્રાંગણમાં ડાંડિયારાસ રમતાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમતી વીપ્તી વસંતકુમાર.

**દીપક કનકસિંહ**

આ લેખના ગુજરાતી ભાષાકીય સુધારો કરી આપવા બદલ હું મારા ભાઈ પ્રદીપ વસંતલાલનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આ લેખમાં દર્શાવેલ તસવીરો ઉપલબ્ધ કરી આપવા બદલ હું શ્રીમાન હસમુખરાય અમરચંદ અને શ્રીમતી વીપ્તી વસંતકુમારનો પણ ખૂબ ખૂબ આભારી છું.